લગભગ ચોવીસ વર્ષ બાદ નેશનલ કોન્ફરન્સે બહુ ચાલાકીથી જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપવાનો એક પ્રસ્તાવ વિધાનસભામાં પસાર કરાવ્યો છે. આ પ્રસ્તાવનો કાયદાકીય રીતે કશો મતલબ નથી, પરંતુ તેના હાલ પણ એવા જ થશે, જેવા જમ્મુ-કાશ્મીર સ્વાયત્તતા પ્રસ્તાવના સને ૨૦૦૦માં થયા હતા. આ બંને પ્રસ્તાવોમાં ફરક માત્ર એટલો જ છે કે આજે આ કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા છે, જ્યારે તે વખતે તેમના પિતા ફારુક અબ્દુલ્લાના હાથમાં શાસનની કમાન હતી. અસલમાં નશનલ કોન્ફરન્સ અને પીડીપી ઉપરાંત રાજ્યની મોટાભાગની પ્રાદેશિક પાર્ટીઓએ જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ અને ૩૫-એને ફરીથી લાવવા મુદ્દે હાલમાં વિધાનસભા ચૂંટણી લડી. આ ચૂંટણીઓમાં નેશનલ કોન્ફરન્સને એકલા દમ પર ૪૨ સીટો મેળવી, જ્યારે મેહબૂબા મુફતીની પીડીપીને કાશ્મીરી જનતાએ માત્ર ત્રણ સીટો આપી. કાશ્મીરના લોકો નેશનલ કોન્ફરન્સને પોતાની સ્થાનિક પાર્ટી માને છે. તેમને લાગે છે કે શેખ અબ્દુલ્લાની પાર્ટી જનતાને દગો નહીં કરે. તેથી વિપરીત જ્યારથી પીડીપીએ ભાજપ સાથે મળીને રાજ્યમાં ગઠબંધન સરકાર બનાવી, કાશ્મીરી જનતાનો તેના પરથી ભરોસો ઉઠી ગયો. પોતાની પાર્ટીની ગુમાવેલી શાખ પાછી મેળવવા માટે જ પીડીપીના ધારાસભ્ય વહીદુર રહમાને ૫ નવેમ્બરે વિધાનસભામાં એક પ્રસ્તાવનો દાવ ખેલ્યો, જેમાં ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ કેન્દ્ર સરકારની કલમ ૩૭૦ અને ૩૫-એ રદ્દ કરવાની કાર્યવાહીને ગેરકાનૂની ગણાવતાં ફરીથી લાગુ કરવાની માંગ કરી. ઉલ્લેખનીય છે કે બંને અનુચ્છેદ જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જાનું સંરક્ષણ કરતા હતા. પીડીપીની આ ચાલથી સત્તારૂઢ નેશનલ કોન્ફરન્સ હતપ્રભ થઈ ગઈ. મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ પીડીપીના આ પગલા પર વિધાનસભામાં ત્યાં સુધી કહી દીધું કે આ પ્રસ્તાવ ગેરકાનૂની છે, કારણ કે તે સદનના 'બિઝનેસ કેલેન્ડર'માં ન હતું. પરંતુ બીજા જ દિવસે નાયબ મુખ્યમંત્રી સુરિંદર ચૌધરીએ એક રણનીતિ અંતર્ગત વિશેષ દરજ્જાની વાપસીની માંગ કરતાં વિધાનસભામાં પ્રસ્તાવ મૂકી દીધો અને ભાજપી ધારાસભ્યોના હંગામા છતાં પણ પ્રસ્તાવ પાસ પણ કરાવી લીધો. આ પ્રસ્તાવનું સૌથી દિલચસ્પ પાસું એ છે કે અનુચ્છેદ ૩૭૦ અને ૩૫-એની વાપસીનો ઉલ્લેખ કર્યા વિના વિશેષ દરજ્જાની બહાલીની માંગ કરવામાં આવી, જમ્મુ-કાશ્મીરની સંસ્કૃતિ, ઓળખ અને લોકોના અધિકારોની માંગની વાત કહેવામાં આવી છે. પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરની ચૂંટાયેલી સરકાર સાથે વાતચીત શરૂ કરે. હવે પીડીપી આરોપ લગાવી રહી છે કે ઉમર સરકારનો પ્રસ્તાવ માત્ર એક છળ છે, કારણ કે તેમાં કલમ ૩૭૦ અને ૩૫-એનો કોઈ ઉલ્લેખ જ નથી કરવામાં આવ્યો. આ બંને મૃત અનુચ્છેદોને લઈને કાશ્મીરમાં રાજનીતિ એટલી વધી ગઈ છે કે સજ્જાદ લોનની પીપલ્સ કોન્ફરન્સ, એન્જિનિયર રાશિદની અવામી ઈત્તેહાદ પાર્ટી અને મેહબૂબાની પીડીપી વિધાનસભામાં એકજૂટ થઈ ગઈ. સજ્જાદ લોને લગભગ દસ વર્ષ પહેલાં કહ્યું હતું કે વડા-ધાન મોદી તેના મોટા ભાઈ છે, ત્યારથી કાશ્મીરી જનતા તેમને ભાજપના સમર્થક માનતી રહી છે અને બારામુલા સંસદીય સીટથી તે પોતાના જ કાર્યકર્તા અને પૂર્વ ધારાસભ્ય શેખ અબ્દુલ રાશિદ સામે હારી ગયા હતા. પોતાની શાખ બચાવવા માટે તેમણે મજબૂરીમાં ભાજપની વિરુદ્ધ થવું પડ્યું છે, જ્યારે ૨૦૧૪ની પીડીપી-ભાજપ ગઠબંધન સરકારમાં ભાજપ કોટાથી જ તેઓ કેબિનેટ મંત્રી બન્યા હતા. એકંદરે નેશનલ કોન્ફરન્સ, પીડીપી, પીપલ્સ કોન્ફરન્સ અને અવામી ઈત્તેહાદ પાર્ટીને ખબર છે કે 'સ્પેશ્યલ સ્ટેટસ'વાળા પ્રસ્તાવનું કોઈ કાનૂની મહત્તવ નથી. કારણ કે સંસદ અને પછી સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેંચે આ બંને અનુચ્છેદો પર પોતાનો અંતિમ ચુકાદો આપી દીધેલો છે.

## વાપીના નવા રેલ્વે અન્ડર બ્રિજમાં પાણી ભરાવાથી વાહન ચાલકો મુશ્કેલીમાં






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૦:** વાપી રેલ્વેના નવા અંડરપાસમાં શનિવારે સવારે વરસાદ ન હોવા છતાં પાણી જમા થઈ જવા પામતા આ પાણીના ભરાવાને કારણે વાહન ચાલકો તેમજ રાહદારીઓએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આ પ્રકારની સમસ્યા અવારનવાર થાય છે. બીજી તરફ નગરપાલિકાના અધિકારીઓ પાણી બહાર કાઢવા માટે રાખવામાં આવેલ પંપ વ્યવસ્થિત હોવાનું બહાનું બનાવી પોતાનો બચાવ કરતા જોવા મળ્યા હતા.

વાપી પંથકમાં હાલમાં ચાલી રહેલા નવા રેલવે ઓવરબ્રિજના કામોને લઈ એકમાત્ર લોકોને પૂર્વ અને પશ્ચિમમાંથી આવવા જવા માટેનું નવું રેલ્વે અંડર પાસ મહત્વનું છે અને આ રેલવે અંડરપાસમાંથી મોટાભાગના વહનો તેમજ રાહદારીઓ સાથે સ્કૂલ કોલેજ અને કંપનીઓમાં કામ કરતા લોકો પસાર થતા હોય છે ત્યારે આ અંડરપાસમાં વરસાદ ન હોવા છતાં પાણી ભરાતા લોકોને મુશ્કેલી ઉભી થઈ હતી. નગરપાલિકાના જવાબદાર અધિકારીઓએ એવું કહેવામાં આવ્યું છે કે આ અન્ડરપાસમાં નજીકના ઘણા વિસ્તારોમાંથી ગટરનું પાણી આવે છે. ગંદા પાણીના ભરાવાના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદ દરમિયાન અંડરપાસમાં પાણી ભરાય તે સામાન્ય બાબત છે. હાલમાં અહીં પાણી ભરાઈ જવાના બનાવથી વાપી નગરની જનતા ખૂબ જ પરેશાન બની છે સાથે અહીં સ્ટોમ વોટર ટેન્કમાંથી પાણી બહાર ફેંકવા માટે લગાવવામાં આવેલી બે મોટર ખરાબ થઈ છે કે તે ગાયબ થઈ ગઈ છે તે અંગે પણ નગરપાલિકાના સ્ટાફમાં પણ ચર્ચા ચાલી રહી છે જોકે અહીં વારંવાર પાણી ભરાવાના બનાવને લઈ લોકો પરેશાન બને છે પરંતુ વાપી નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ તેમજ જન પ્રતિનિધિઓ પણ આ અંગે જ ધ્યાન નહીં આપી રહ્યા હોય વાહન ચાલકો તેમજ રાહદારીઓ ત્રાહિમામ પોકારતા જોવા મળી રહ્યા છે.

## ઉમરસાડી નદી કિનારેથી અજાણી લાશ મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી,તા.૧૦:** પારડી તાલુકાના ઉમરસાડી દેસાઈવાડ ગામમાં આજરોજ ૪૦ થી ૪૫ વર્ષીય અજાણ્યા પુરુષની લાશ પારડી પોલીસને મળી આવી હતી. અહીં ઉંમરસાડી દેસાઈવાડ ગામમાં જેટકો પાવર હાઉસની બાજુમાં ખાડી કિનારે આશરે ૪૦ થી ૪૫ વર્ષથી પુરુષની લાશ મળી આવી હતી. જે બાબતે પારડી પોલીસમાં ભગુભાઈ હિરુભાઈ પટેલે જાણ કરતા પારડી પોલીસ ઘટના સ્થળે આવી ગઈ હતી અને અજાણ્યા પુરુષની લાશનો કબજો લીધો હતો કોઈ અગમને કારણસર ખાડી કિનારે મરણ હાલતમાં અજાણ્યો પુરુષ મળી આવ્યો હતો. પારડી પોલીસને જાણ કરતા પારડી પોલીસ અકસ્માત મત દાખલ કરી આ બાબતની વધુ તપાસ કરી છે.

## સાપુતારામાં પુલનાં રેલીંગ સાથે બાઈક ચાલક અથડાતા અકસ્માત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા,તા.૧૦:** સાપુતારા નવાગામનો યુવક પોતાની મોટર સાયકલ. ન.જી.જે.૩૦.સી. ૪૮૬૬ લઈ સાપુતારાનાં લોર્ડ્સ આકાર નજીકનાં પુલ પરથી પસાર થઈ રહ્યો હતો. તે વેળાએ મોટરસાયકલ ચાલકે પુરઝડપે પુલની સંરક્ષણ એંગલ સાથે મોટરસાયકલને અથડાવી દેતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં મોટરસાયકલ ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને સારવારનાં અર્થે સાપુતારા સી.એચ.સી. ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ અકસ્માતનાં બનાવમાં મોટરસાયકલને જંગી નુકસાન થયુ હતું.

## સાપુતારા અને ડાંગ જિલ્લાનાં પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓની ભીડ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા,તા.૧૦:** રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં ઠંડીનાં પગરવની સાથે જોવાલાયક સ્થળોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ છે. ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા સહિત અન્ય જોવાલાયક સ્થળોએ દિવાળી વેકેશન દરમ્યાન પ્રવાસીઓની ભીડ વધતા ઠેર ઠેર બખા થઈ જવા પામ્યા હતા. ગિરિમથક સાપુતારા ખાતે શનિ રવિની રજાઓમાં અસંખ્ય પ્રવાસીઓ ઉમટી પડતા ઠેર ઠેર ટ્રાફિક જામની સ્થિતિ વણસી હતી. સાપુતારા ખાતે ફરવા આવેલ પ્રવાસીઓએ કુદરતી સૌંદર્ય સહિત પેરાગ્લાયડીંગ અને એડવેન્ચર એક્ટિવિટીનો ભરપૂર સ્વાદ માણ્યો હતો. તેવામાં બોટિંગ અને રોપવે બંધ રહેતા સર્પગંગા તળાવ અને નિલગગન આભમાં મલકાતા રોપવેનાં ડબ્બા જોઈ પ્રવાસીઓને ઈર્ષા જાગી હતી. પરંતુ વહીવટી તંત્રનાં પાપે દિવાળીની સીઝનમાં પણ બોટીંગ અને રોપવે ચાલુ ન થતા ફરવા આવેલ પ્રવાસીઓએ તંત્ર સહિત રાજય સરકાર પર ફિટકાર વરસાવ્યો હતો. શનિ-રવિની રજાઓમાં ગિરિમથક સાપુતારા, માલેગામનાં રિસોર્ટ, હથગઢની તમામ હોટલ સહિત હોમ સ્ટે ખાતે હાઉસફુલનાં પાટીયા ઝૂલી ઉઠ્યા હતા. ગિરિમથક સાપુતારા ખાતે શનિરવીની રજાઓમાં ચિક્કાર ભીડ જામતા ઘાટમાર્ગ સહિત ટેબલ પોઈંટ માર્ગે ટ્રાફિક જામની સમસ્યા ઉદ્દભવવાની સાથે ટ્રાફિક જામની સ્થિતિ વણસી હતી. જોકે સાપુતારા પી.આઈ.આર.એસ. પટેલ દ્વારા સાપુતારામાં પ્રવાસીઓની ભીડને ધ્યાનમાં રાખી કમર કસતા ટ્રાફિક જામ હળવો થયો હતો. ગિરિમથક સાપુતારા સહીત વઘઇ બોટનીકલ ગાર્ડન, ગીરાધોધ વઘઈ, દેવીનામાળ કેમ્પ સાઈટ, મહાલ કેમ્પ સાઈટ, ડોન હિલ સ્ટેશન, શબરી ધામ સહીત જંગલ વિસ્તારમાં આવેલ નાના મોટા જોવાલાયક સ્થળોએ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઊમટી પડતા ઠેરઠેર બખા થઈ જવા પામ્યા હતા. દિવાળી વેકેશનમાં ડાંગ જિલ્લામાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડતા સ્થાનિક કક્ષાએ રોજગારીનું સર્જન થયુ હતું.

### મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં

## ગોરેગાંવ બેઠકના ઉમેદવાર માટે ગુજરાત ભાજપના કાર્યકતાઓ પ્રચારમાં જોડાયા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૦:** મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં વ્યસ્ત વાપીના ભાજપના કાર્યકરો મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ગુજરાતના પડોશી રાજ્યના ભાજપના કાર્યકરો પણ મુંબઈ અને થાણેમાં મહાયુતિના ઉમેદવારોને વિજયી બનાવવા માટે પૂરી તાકાતથી કામ કરી રહ્યા છે. પૂર્વ પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમારને ગોરેગાંવ વિધાનસભાની જવાબદારી સોંપવામાં આવી છે, જ્યાં પૂર્વ રાજ્ય મંત્રી અને ઉત્તર ભારતીય નેતા વિદ્યા ઠાકુર ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે, તેમના સમર્થનમાં વાપી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ છે, વાપી મંડળના ભાજપના અગ્રણી બી.કે. દાયમા, ભાનુશાલી સમાજના આગેવાન મુરજીભાઈ કટારમલ સહિતના કાર્યકરોએ પરદેશી ગુજરાતી અને રાજસ્થાની સમાજના સંગઠનો સાથે જનસંપર્ક કર્યો હતો અને ભાજપના ઉમેદવારને ભાજપના ઉમેદવારની તરફેણમાં સમજાવ્યા હતા અને પ્રચાર કર્યો હતો. ભાજપના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આગામી દિવસોમાં વલસાડ જિલ્લાના કાર્યકરો મુંબઈના બોરીવલી, મલાડ, ગોરેગાંવ વિલેપારાલે સહિતના વિવિધ વિસ્તારોમાં સઘન ચૂંટણી પ્રચાર માટે જશે. બીજી તરફ, અનુસૂચિત જાતિ મોરચાના રાજ્ય ઉપાધ્યક્ષ વસંત પરમારે થાણે જિલ્લાની અંબરનાથ વિધાનસભા બેઠકના ઉમેદવાર ડો. બાલાજી કિનીકર માટે પ્રચાર કરતાં આ વખતે રવિવારે ઘણી શેરી સભાઓમાં મહાયુતિના ઉમેદવારને સમર્થન આપવાની અપીલ કરી હતી. મહારાષ્ટ્રમાં વિકાસ આઘાડી અને મહાયુતિ ગઠબંધન વચ્ચે સીધી લડાઈ હોવાથી હરિયાણાની ચૂંટણીની જીતથી ઉત્સાહિત ભાજપ પણ તેના ઉમેદવારોની જીત સુનિશ્ચિત કરવામાં કોઈ કસર છોડવા માંગતી નથી, તેથી વિવિધ રાજ્યો ઝારખંડના વરિષ્ઠ નેતાઓને દરેક વિધાનસભા બેઠક પર જીત સુનિશ્ચિત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

## ડુંગરામાં પાલિકાની પાણીની ટાંકીમાં બાળક પડી જતા મોત





**વાપી, તા.૧૦:** વાપીના ડુંગરામાં આવેલ નગર પાલિકાની પાણીની ટાકીમાં પડી જતા સાત વર્ષના બાળકનું ડુબી જવાથી મોત થયાની ઘટના બનતા ભારે ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ વાપી નગર પાલિકાના ડુંગરા એકતા નગર ખાતે આવેલ પાણીની ટાકીના સમ્પનું ટાંકણું ખુલ્લું રહેવા પામ્યું હતું જેમાં આજે એકતા નગરમાં રહેતા કેફ અન્સારી નામના સાત વર્ષીય બાળક રમતા રમતા આ ખુલ્લી પાણીની ટાંકીમાં પડી જતા ડુબી ગયો હતો જે અંગેની જાણ સ્થાનિક લોકોને થતા તેઓએ તાત્કાલિક વહીવટી તંત્ર અને પોલીસ તેમજ એનડીઆરએફની ટીમને કરતા તેઓ ઘટના સ્થળે પહોંચ્યા હતાં અને ફાયરબ્રીગેડ તેમજ એનડીઆરએફના ટીમના જવાનોએ ભારે જહેમત બાદ બાળકને ટાંકીમાંથી બહાર કાઢી તાત્કાલિક ડુંગરી ફળિયામાં આવેલ તુલીપ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો ત્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. જે અંગે ડુંગરા પોલીસે હાલમાં અકસ્માત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાપી પંથકમાં જલારામ જયંતિની ઠેર ઠેર ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૦:** વાપી પંથકમાં જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતીએ મહાયજ્ઞ સત્યનારાયણ ભગવાનની કથા, પૂજા-અર્ચના તેમજ ભજન કીર્તન અને મહાપ્રસાદ દિનો કાર્યક્રમ સાથે ભારે હર્ષ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ વાપી અને તેની આજુબાજુના ગામડાઓમાં આવેલ જલારામ બાપાના મંદિર તેમજ ઘર આંગણે અનેક મંડળો દ્વારા શ્રીરામ ભક્ત જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતીએ ઠેર ઠેર મંદિરોમાં અને ઘર આંગણે સત્યનારાયણ ભગવાનની કથા સાથે મહાપ્રસાદનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વાપીના દેસાઈવાડ ખાતે આવેલ જલારામ જયંતીની ઉજવણી અને મહાપ્રસાદ પ્રસંગે રાજ્યના નાણા ઊર્જાને પેટ્રોલ કેમિકલ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ઉપસ્થિત રહી આયોજકોનો વધાર્યો હતો સાથે ત્યાં ઉપસ્થિત અનાવિલ સમાજના આગેવાનો દ્વારા વાપીની દમણગંગા નદી કિનારે ખૂબ જ મહત્વનો એવો રિવરફ્રન્ટ તેમજ વાપી ટાઉનમાં રીંગરોડ બનાવવાની કારણે મંત્રી કનુભાઈ દેસાઈનું સાલ ઓઢાડી બુકે આપી બહુમાન કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે વાપીના સિધ્ધનાથ મહાદેવ મંદિર પાસે મુખ્ય બજારમાં આવેલ એકતા મિત્ર મંડળ દ્વારા તેમજ નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ જલારામ ધામ ખાતે પણ જલારામ બાપાની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. અહીં ઊંઝા કીર્તન ભજન સાથે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું જેનો હજારો લોકોએ લાભ લીધો હતો

### પાલિકાની દિવાળી પહેલા તમામ રસ્તા રીપેર કરવાની જાહેરાત ખોટી સાબિત થઈ

## વાપીમાં રસ્તા રીપેર નહી કરાતા સ્થાનિક લોકો અને વાહન ચાલકો ત્રાહીમામ્

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૦:** વાપીમાં વરસાદે વિદાય લીધા બાદ ખરાબ થયેલા રસ્તાઓ રિપેર કરવાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ આ જ સુધી રસ્તાઓ મોટાભાગના રિપેર નહીં થતા સ્થાનિક લોકો પરેશાન બન્યા છે.

વાપી નગરપાલિકા હદ વિસ્તારમાં ચોમાસા દરમિયાન લગભગ મોટાભાગના તમામ રસ્તાઓ ખરાબ થઈ જવા પામ્યા હતા અને તેને લઈ ટ્રાફિક જામની સમસ્યા તથા અકસ્માતો પણ બન્યા હતા જોકે આ વરસાદને કારણે રસ્તાઓ ધોવાઈ જવાને લઈ રાજ્યના મુખ્યમંત્રી તેમ જ નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા નગરપાલિકાને રસ્તા રીપેર માટે મોટું એવું ફંડ આપવામાં આવ્યું હતું અને પહેલા નવરાત્રી દરમિયાન અને ત્યારબાદ દિવાળી પહેલા તમામ રસ્તાઓ રિપેર કરી નાખવાની વાપી નગરપાલિકાના સત્તાધારી પક્ષના નેતાઓ તેમજ અધિકારીઓ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી પરંતુ હાલમાં દિવાળી અને નવું વર્ષ પણ પૂર્ણ થઈ જવા પામ્યું છે ત્યારે વાપીના મુખ્ય બજાર તેમજ નગરપાલિકા સામેનો માર્ગ સાથે અન્ય માર્ગો પણ રીપેર નહીં કરવામાં આવતા સ્થાનિક લોકો તેમજ વહનચાલકો પરેશાન બન્યા છે પરંતુ પાલિકાના જવાબદાર અધિકારીઓ તેમજ જન પ્રતિનિધિ દ્વારા પ્રજાને પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં કોઈ રસ ન હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે જોકે વાપી નગરપાલિકા હદ વિસ્તારમાં રસ્તા રીપેર માટે જે એજન્સીને વાર્ષિક કોન્ટ્રાક આપવામાં આવ્યો છે તે એજન્સી પાસે કામદારો તેમજ માલ મટિરિયલ પણ ઓછી માત્રામાં હોય તેવો કામગીરી નહીં કરતા હોવાનું વિરોધ પક્ષ તેમજ સ્થાનિક લોકોમાં ચર્ચા ચાલી રહી છે.

## સાપુતારાના સર્પગંગા તળાવમાં એક પ્રવાસી કૂદી પડતા ચકચાર

**ડાંગ જિલ્લાનાં સાપુતારા નોટીફાઇડ એરિયા કચેરીની બેદરકારી કહો કે લાવરવાહીનાં પગલે એક પ્રવાસી યુવક તળાવમાં ન્હાવા માટે કૂદી પડતા સુરક્ષા વ્યવસ્થા સામે અનેક પ્રશ્નાર્થ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**સાપુતારા,તા.૧૦:** રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારાનાં સર્પગંગા તળાવમાં પ્રવાસીના કૂદી પડવાની ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. સર્પગંગા તળાવમાં ડૂબી જવાની ઘટના ન બને તે માટે રાજ્ય સરકાર દ્વારા બોટિંગની પ્રવૃત્તિ બંધ કરવામાં આવી હોવા છતા, રવિવારે ભારે ભીડ વચ્ચે એક પ્રવાસી ન્હાવા માટે તળાવમાં કૂદી પડ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા હોબાળો મચી જવા પામ્યો હતો. તેમજ નોટીફાઇડ એરિયા કચેરી સાપુતારાનાં અધિકારીઓની બેદરકારી પણ સામે આવી છે. સાપુતારા નોટિફાઈડ કચેરીએ સાપુતારાના પ્રવાસન સ્થળોની સુરક્ષા માટે મોટાપાયે સિક્યુરિટી ગાર્ડ તૈનાત કર્યા હોવાના દાવા કર્યા હતા. પરંતુ આ દાવાઓ હાલમાં ખોટા સાબિત થતા જોવા મળી રહ્યા છે. આજરોજ એક પ્રવાસી તળાવમાં કૂદી પડ્યો ત્યારે નોટિફાઈડ કચેરીના સિક્યુરિટી ગાર્ડે તેને રોકવાનો પ્રયાસ ન કર્યો એવા સવાલ ઉદભવી રહ્યા છે. આ ઘટનાએ એ વાત સ્પષ્ટ કરી આપી છે કે,સાપુતારામાં પ્રવાસીઓની સુરક્ષા નહિવત પ્રમાણમા છે.સર્પગંગા તળાવમાં ઊંડા પાણીમાં કૂદી પડેલો પ્રવાસી બેરોકટોક પણે બહાર નીકળી ગયો હતો. ત્યારે તળાવમાં ડૂબી જવાની ઘટના ગમે ત્યારે બની શકે તેમ છે. આ ઘટના બાદ સાપુતારામાં પ્રવાસીઓની સુરક્ષા માટે કડક પગલા લેવાની માંગ ઉઠી છે.સાપુતારા નોટિફાઈડ કચેરીએ તાત્કાલિક પગલા લઈને તળાવની આસપાસ સુરક્ષા વ્યવસ્થા વધારવી જોઈએ.આ ઉપરાંત, પ્રવાસીઓને તળાવમાં ન્હાવાથી રોકવા માટે પણ જરૂરી પગલા લેવા જોઈએ. જોકે આ પ્રકારે પ્રવાસી યુવક તળાવમાં કૂદી પડ્યો ત્યારે જવાબદાર કોને ઠરાવવા? નોટિફાઈડ એરીયા કચેરીના અધિકારીઓ દ્વારા તકેદારીના ભાગરૂપે યોગ્ય કામગીરી કરવામાં નથી આવતી કે કેમ? આ ઘટનામાં પ્રવાસી યુવક સાથે કોઈ અઘટીત ઘટના બની હોત તો આખરે જવાબદાર કોને ઠરાવવામાં આવ્યા હોત? આવા અનેક સવાલ સાથે નોટિફાઈડ એરિયા કચેરીના અધિકારીઓ ઘેરાતા જોવા મળી રહ્યા છે. તેમજ નોટિફાઈડ એરીયા કચેરીના અધિકારીઓ દ્વારા સાપુતારા ખાતે સિક્યુરિટી ગાર્ડ મુકવામાં આવેલ છે જે દાવાઓ તદ્દન પોકળ સાબિત થતા જોવા મળ્યા હતા. કારણકે આ પ્રકારની ઘટના એ તો જાણે મોટી દુર્ઘટનાને આમંત્રણ આપ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે. તેમજ આ વિડીયો વાયરલ થતા સોશિયલ મીડિયામાં પણ વહીવટી તંત્ર સામે ફિટકાર વરસાવવામાં આવી રહી છે. ત્યારે આ ઘટના બાદ નોટિફાઈડ એરીયા કચેરીના અધિકારીઓ દ્વારા તકેદારીના ભાગરૂપે યોગ્ય કામગીરી કરવામાં આવશે કે પછી 'ચલતા હૈ ચલને દો'નું વલણ અપનાવવામાં આવશે તે તો આવનાર દિવસોમાં જોવું જ રહ્યુ.ભલે બોટીંગ બંધ હોય પરંતુ પ્રવાસીઓની સુરક્ષામાં જ વહીવટી તંત્ર ચૂક રાખશે તો આવનાર દિવસોમાં પ્રવાસીઓમાં સાપુતારાની ખરાબ છાપ જશે તેની જવાબદારી કોણ લેશે રિદ્ધુ પ્રવાસન વિભાગ કે પછી વહીવટી તંત્ર જે સમય બતાવશે.


U.T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

ROGI KALYAN SAMITI, SILVASSA
No.MS/RKS/VBCH/2022/94/1432
Date: 05 /11/2024

ADVERTISEMENT

Rogi Kalyan Samiti, Silvassa, DNH invites applications for Various Posts to be filled on Short term contract basis & Visiting basis in Shri Vinoba Bhave Civil Hospital Silvassa.

Last date for receiving application: 14/11/2024

For details please scan QR code
dnh.gov.in
silvassarogikalyansamiti@gmail.com
Tel: 0260 - 2642940

O/o Member Secretary (RKS), Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH

NO.:IP/DMN/2/5/2024-25/852 DATED : 08/11/2024

UT aDMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

PWD CIVIL DIVISION NO.III (DP)

NOTICE INVITING TENDER

Shifting of existing Water Supply Pipeline coming under Alignment of Village Road Proposed for Widening in DNH area

| | | |
|---|---|---|
| | Tender No. | 26 OF 2024-2025 |
| | Tender ID No. | 2024_UTDNH_7331_1 |
| | On line downloading start of tender documents | 05/11/2024 18:45 Hrs |
| | Last date & Time for Receipt of Bid/ Upload Bid | 19/11/2024 14.00 Hrs. |
| For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949 | Online Opening of Technical Bid | 19/11/2024 16.00 Hrs. |
| | Online Opening of Price Bid | 19/11/2024 16.30 Hrs. (If Possible) |
| | Any Other Details - | |

EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA
No.5-2(1)/DNH/DP/2024/346_ Dt.05/11/2024

NO.:IP/DMN/2/5/2024-25/847 DATED : 08/11/2024

# અન્ય સમાચારો

## ખટાણાના બે યુવાનના મોત પ્રકરણાં રોડ કોન્ટ્રાક્ટ સામે કાર્યવાહી કરવાની માંગ

**ધરમપુર, તા.૧૦ :** ધરમપુરને નેશનલ ૫૬ વાપીથી શામળાજી રોડ પર પડેલ ખાડાઓના કારણે અકસ્માતનો ભોગ બની ખટાણા ગામના બે લોકોએ જીવ ગુમાવતા જિલ્લા પોલીસવાળા તેમજ ધરમપુર પીઆઈને ઉપરોક્ત કોન્ટ્રાક્ટર સામે કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરાઈ. વધુમા ખરાબ રોડના કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યો હોવાથી આ વિભાગના અધિકારી તેમજ કોન્ટ્રાકટર પર કાયદેસરની ફરિયાદ કરવામાં માંગ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ નેશનલ ૫૬ વાપીથી શામળાજી રોડ કરવડથી ખાનપુર સુધી અંદાજિત ૨૨.૫ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો હતો અને આ રોડ બનાવવાની શરૂઆત જ્યારે થઈ હતી ત્યારે ૨૮/૩/૨૦૨૩ના દિને રોડના કામમાં ભ્રષ્ટાચાર બાબતે લેખિતમાં ફરિયાદ કરી હતી. ૨૦/૭/૨૦૨૩ના દિનએ પહેલાજ વરસાદમાં રોડની હાલત ખરાબ થઈ જતા લેખિતમાં ફરિયાદ કરી હતી. તે ઉપરાંત આ રસ્તાનું પ્રોપર કામ કરવા બાબતે ફરિયાદ કરવામાં આવી હતી તેમજ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં પણ આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી આટલી રજૂઆત કરવા છતાં કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કોઈપણ શિક્ષાત્મક પગલાં લેવામાં ન આવ્યા હોવાને કારણે ગઈકાલે સાંજે ખટાણા ગામના બે વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે અને અગાઉ પણ આજ રસ્તા પર પડેલ ખાડાઓના કારણે અનેક લોકોને અકસ્માતમાં ભોગ બન્યા છે. ઉપરોકત બાબતે જવાબદાર અધિકારી તેમજ રોડનું કામ કરનાર કોન્ટ્રાક્ટર સામે કાયદેસરની ફરિયાદ દાખલ થાય એવી માંગ ઉઠવા પામી છે.

## ચીખલીના ગોહિલ કોમ્પ્લેક્ષમાંથી બાઈકની ચોરી

**ચીખલી, તા.૧૦ :** ચીખલી ખેરગામ માર્ગ ઉપર આવેલ ગોહિલ કોમ્પ્લેક્સમાં સાગર બીપીનભાઈ પટેલ રહે. ખાભડા રામલ ફળિયા જેણે પોતાની હીરો હોન્ડા પેશન પ્લસ ગાડી નંબર જીજે ૦૫ બીએચ ૯૩૭૭ કિંમત રૂપિયા ૨૦,૦૦૦ જે પાર્ક કરીને મૂકી હતી. જે ગાડી શુક્રવારના રોજ કોઈ ચોર ઈસમ બપોરના સમયે ચોરી કરી ગયો હતો. જેની શોધખોળ કરવા છતાં પણ ગાડી ન મળી આવતા આખરે સાગરભાઈ પટેલે ચીખલી પોલીસ મથકમાં ગાડીની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી છે જેની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

## ચીખલી માણેકપોરથી અજાણ્યા પુરુષની લાશ મળી

**ચીખલી, તા. ૧૦ :** ચીખલી તાલુકાના માણેકપુર ગામની હદમાંથી એક અજાણ્યા પુરુષ મરણ ગયેલ હાલતમાં મળી આવતા પોલીસે અજાણ્યા પુરુષના વાલી વરસોની શોધખોળ આરંભી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર રાનકુવાથી ચીખલી તરફ જતા રોડ ઉપર ઓમ નીલકંઠ સિમેન્ટ કંપનીની સામે ભિખારી જેવો લાગતો એક અજાણ્યો પુરુષ મરણ ગયેલ હાલતમાં જોવા મળતા બનાવ અંગેની જાણ રાજુ મોરાર પટેલ રહે. માણેકપુર હનુમાન ફળિયાનાએ કરતા ચીખલી પોલીસે અજાણ્યો પુરુષ ઉંમર વર્ષ આશરે ૬૦થી ૬૫ વર્ષનો હોય જેની શોધખોળ શરૂ કરી છે. ત્યારે મરનારના વાલી વારસોએ ચીખલી પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે.

(પેજ નં.૧નું ચાલુ...)

**બીલીમોરા આગ પ્રકરણમાં ....**

આગમાં કાળનો કોળિયો બની ગયા હતાં. જ્યારે ચાર શ્રમજીવી ગંભીર રીતે દાઝી ગયા હતાં. દરમ્યાન વલસાડ સિવિલ હોસ્પિટલમાં સરવારગ્રસ્ત મુકેશ રાઠોડએ ફરિયાદ આપતા બીલીમોરા પોલીસએ જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટનાં મૃતક મેનેજર અનુપકુમાર મોહરસિંગ નૂનીયા (૩૫) મૂળ રહે. રામપુર, તા. જુનજુનુ, રાજસ્થાન, હાલ રહે. વ્યંટકેશ્વર નગર, દેવસર બીલીમોરા, અર્જુન સોહનલાલ વીરવાલ અને સોહનલાલ કિશોરજી વીરવાલ બંને મૂળ રહે. રાજસ્થાન, હાલ રહે. થાલા ચીખલીની સામે જ્વલનશીલ થિનર પ્રવાહીને ટ્રાન્સપોર્ટનાં અન્ય માલ સામાન સાથે મોકલવામાં આવે તો આગ લાગી જાય તો મોટી જાનહાની થવાની સંભાવના જાણતા હોવા છતાં ત્રણેયએ પોતાના આર્થિક ફાયદા માટે એકબીજાનાં મેળાપીપણામાં ચોરી છુપીથી જ્વલનશીલ પ્રવાહી ભરેલા ડ્રમ ઉદેપુર મોકલવા કારશો રચ્યો હતો. સમગ્ર મામલે બીલીમોરા પોલીસે ફરિયાદ નોંધી હતી અને પોલીસની ચાર ટીમોની ત્વરિત તપાસ બાદ હયાત બે આરોપી પૈકી સોહનલાલ કિશોરજી વીરવાલને ચીખલી થાલાની શિવેચ્છા સોસાયટીનાં ઘરેથી રાઉન્ડ અપ કરાયો હતો. જ્યારે તેના પુત્ર અર્જુન સોહનલાલ વીરવાલને રાજસ્થાનનાં ઉદેપુરથી પોલીસે અટક કરી લીધો છે અને બીલીમોરા લાવી રહી છે. જ્યારે ત્રીજો આરોપી મેનેજર અનુપસિંહ નૂનીયા આગમાં બળીને મોતને ભેટ્યો હતો. દરમ્યાન ધારાસભ્ય નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ પરેશ દેસાઈ, તાલુકા પંચાયત પ્રમુખ પ્રશાંત શાહ, શાંતિલાલ પટેલ, દેવસર તાલુકા પંચાયત સભ્ય હર્ષિલ નાયક, સરપંચ ચેતના ભગુભાઈ પટેલ સહિત અગ્રણીઓએ પીડિત પરિવારોની મુલાકાત લીધી હતી.

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૨૮૪/૨૦૨૩

**અરજદાર : અરવિંદભાઈ ભીખુભાઈ રયાત**
**રહે.** પુનાટ, સીમાડ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ધર્મશ સી. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પુનાટ**
**તા.ઉમરગામ જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી - **અરવિંદભાઈ ભીખુભાઈ રયાત** રહે - પુનાટ, સીમાડ ફળિયા, તા. ઉમરગામ, જી. વલસાડના એ તેમના કાકા **મોહનભાઈ સલીયાભાઈ રયાત**નું મરણ તા.૨૫-૦૯-૨૦૦૬ના રોજ મોજે પુનાટ તા. ઉમરગામ મુકામે રહેવાના ઘરે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી, જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૨૮૪/૨૦૨૩**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૨૮૩/૨૦૨૩

**અરજદાર : અરવિંદભાઈ ભીખુભાઈ રયાત**
**રહે.** પુનાટ, સીમાડ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ધર્મશ સી. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પુનાટ**
**તા.ઉમરગામ જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી - **અરવિંદભાઈ ભીખુભાઈ રયાત** રહે - પુનાટ, સીમાડ ફળિયા, તા. ઉમરગામ, જી. વલસાડના એ તેમના કાકી **રકુબેન મોહનભાઈ રયાત**નું મરણ તા.૧૪-૦૨-૨૦૦૩ના રોજ મોજે પુનાટ તા. ઉમરગામ મુકામે રહેવાના ઘરે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી, જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૨૮૩/૨૦૨૩**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૨૩૪/૨૦૨૩

**અરજદાર : અરવિંદભાઈ ભીખુભાઈ રયાત**
**રહે.** પુનાટ, સીમાડ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ધર્મશ સી. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પુનાટ**
**તા.ઉમરગામ જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી - **અરવિંદભાઈ ભીખુભાઈ રયાત** રહે - પુનાટ, સીમાડ ફળિયા, તા. ઉમરગામ, જી. વલસાડના એ તેમના ભાઈ **રાજેશભાઈ ભીખુભાઈ રયાત**નું મરણ તા.૩૧-૦૮-૨૦૦૬ના રોજ મોજે પુનાટ તા. ઉમરગામ મુકામે રહેવાના ઘરે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી, જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૨૩૪/૨૦૨૩**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૨૩૮/૨૦૨૩

**અરજદાર : અરવિંદભાઈ ભીખુભાઈ રયાત**
**રહે.** પુનાટ, સીમાડ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ધર્મશ સી. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પુનાટ**
**તા.ઉમરગામ જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી - **અરવિંદભાઈ ભીખુભાઈ રયાત** રહે - પુનાટ, સીમાડ ફળિયા, તા. ઉમરગામ, જી. વલસાડના એ તેમના કાકી **કમુબેન સકીનભાઈ રયાત**નું મરણ તા.૧૭-૦૯-૧૯૮૧ના રોજ મોજે પુનાટ તા. ઉમરગામ મુકામે રહેવાના ઘરે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી, જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૮/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૨૩૮/૨૦૨૩**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

## DOMS Industries Limited

**(formerly known as DOMS Industries Private Limited)**

**CIN:** L36991GJ2006PLC049275

**Regd. Office:** J-19, G.I.D.C, Opp. Telephone Exchange, Umbergaon, Gujarat, India, 396171
**Website:** www.domsindia.com; **Email:** ir@domsindia.com; **Telephone:** +91 7434888445

**Extract of the Consolidated Financial Results for the quarter and six months ended September 30, 2024**

*(in ₹ lakhs, except per equity share data)*

| Sr. No. | Particulars | Quarter ended September 30, 2024 Unaudited | Six months ended September 30, 2024 Unaudited | Quarter ended September 30, 2023 Unaudited |
|---|---|---|---|---|
| 1 | Total Income from operations | 45,777.18 | 90,278.35 | 38,239.08 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items) | 7,205.13 | 14,522.19 | 5,043.49 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 7,205.13 | 14,522.19 | 5,043.49 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 5,367.43 | 10,797.68 | 3,758.96 |
| 5 | Total Comprehensive Income for the period (Comprising Profit / (Loss) for the period (after tax) and Other"Comprehensive Income (after tax)) | 5,273.73 | 10,693.14 | 3,695.32 |
| 6 | Paid-up Equity Share Capital (Face value of ₹10 per share) | 6,068.72 | 6,068.72 | 5,625.02 |
| 7 | Other Equity | - | - | - |
| 8 | Earnings per equity share (not annualised*) (Face value ₹10/- each) | | | |
| | - Basic (in ₹) | *8.84 | *17.79 | *6.68 |
| | - Diluted (in ₹) | *8.84 | *17.79 | *6.68 |

In terms of Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the key items of Standalone Financials Results are given below:

**Extract of the Standalone Financial Results for the quarter and six months ended September 30, 2024**

*(in ₹ lakhs, except per equity share data)*

| Sr. No. | Particulars | Quarter ended September 30, 2024 Unaudited | Six months ended September 30, 2024 Unaudited | Quarter ended September 30, 2023 Unaudited |
|---|---|---|---|---|
| 1 | Income from operations (Turnover) | 42,314.17 | 83,695.88 | 34,621.99 |
| 2 | Profit before tax | 6,483.14 | 13,077.46 | 4,581.47 |
| 3 | Profit after tax | 4,805.59 | 9,722.53 | 3,415.05 |
| 4 | Total Comprehensive Income for the period after tax | 4,714.25 | 9,618.72 | 3,354.88 |

**Notes:**

1 The above is an extract of the detailed format of unaudited consolidated and standalone financial results for the quarter and six months ended September 30, 2024 filed with the stock exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the unaudited consolidated and standalone financial results for the quarter and six months ended September 30, 2024 are available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and also on the Company's website www.domsindia.com.

2 The above unaudited financial results have been reviewed and recommended by the Audit Committee at its meeting held on November 09, 2024. The Board of Directors at its meeting held on November 09, 2024 have approved the above results and taken them on record.

**For and on behalf of the Board of Directors of DOMS Industries Limited**
*(formerly known as DOMS Industries Private Limited)*
Sd/-
**Santosh Raveshia**
Managing Director
DIN: 00147624

Date: November 09, 2024
Place: Umbergaon

દમણગંગા ટાઇમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે કયુઆર કોડ સ્કેન કરો




















**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**

# ઉત્તર ડાંગ વન વિભાગ વનોનાં સંવર્ધન અને વન્યજીવોનાં સંરક્ષણ માટે કટિબદ્ધ બન્યું





ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા પ્રકૃતિ પ્રેમીઓ સહિત પ્રવાસીઓ માટે 'મહાલ ઈકો કેમ્પ સાઈટ' સહીત ઉભુ કરાયુ. 'વન કવચ'નું આકર્ષણ ડાંગ જિલ્લાનાં ઉત્તર વન વિભાગમાં સમાવિષ્ટ લવચાલી રેંન્જમાં લાગુ કરંજડા ખાતે મંત્રી મુકેશભાઈ પટેલે 'વન કવચ'નું લોકાર્પણ કર્યુ હતું. અહી એક હેક્ટર વિસ્તારમાં ૫૮ જાતના કુલ દસ હજાર વૃક્ષોનો સફળ વાવેતર કરાયુ છે. આવનાર દિવસોમાં આહવા-સુબિરને જોડતા રાજય ધોરીમાર્ગની સાઈડમાં આવેલ કરજંડા ખાતે હરિયાળુ વન પ્રકૃતિપ્રેમીઓને તરીતૃપ્ત બનાવશે. ડાંગ જિલ્લાનાં પ્રવાસે આવેલા રાજ્ય વન મંત્રી મુકેશભાઇ પટેલે (વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ)નાં હસ્તે સુબીર તાલુકાની લવચાલી રેંન્જમાં સમાવિષ્ટ કરંજડા ખાતે, જિલ્લાની પ્રકૃતિને માણવા આવતા પર્યટકો માટે નવા નજરાણા સમાન 'વન કવચ'નું લોકાર્પણ કર્યુ હતું. વૃક્ષોનાં જતન સંવર્ધન માટે 'વન કવચ' એ ભારત નિર્માણનાં સ્વપ્નદ્રષ્ટા એવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં ડ્રીમ પ્રોજેકટ પૈકીનો એક મહત્વનો ભાગ છે. ટૂંક સમયમાં જ ઝડપથી અને ખાસ કરીને પ્રવાસન કે અર્બન એરીયામાં વન ઉભુ કરી શકાય તે માટે જાપાનીસ મિયાવાકી પદ્ધતિનો ઉપયોગ કરીને 'વન કવચ' તૈયાર કરવામા આવે છે.જેમા મિયાવાકી પદ્ધતિનો ઉચ્ચસ્તરીય, મધ્યમસ્તરીય અને નિમ્નસ્તરીય એવી રીતે વૃક્ષોની જાતો પસંદ કરીને તેનુ વાવેતર કરવામાં આવે છે. તેમ મંત્રી મુકેશભાઈ પટેલે આ વેળા જણાવ્યુ હતું. વન કવચ એ એક એવી પદ્ધતિ છે, જેની શોધ જાપાનીસ વનસ્પતિશાસ્ત્રી દ્વારા કરવામા આવી છે. જેઓ છોડના ઈકોલોજી, બીજ, અને કુદરતી જંગલોના અભ્યાસના નિષ્ણાંત છે. તેઓ અધોગતિશીલ જમીન પર, કુદરતી વનસ્પતિની પુનઃસ્થાપનાના નિષ્ણાંત તરીકે વિશ્વભરમા સક્રિય છે. જે ટૂંકા સમય ગાળામા મૂળ પ્રજાતિના જંગલો બનાવવામા મદદ કરે છે. આ પદ્ધતિમાં એક જ વિસ્તારમાં શક્ય તેટલુ નજીક વૃક્ષોનુ (ફક્ત મૂળ પ્રજાતિઓ) વાવેતર કરવામા આવે છે. જે ન ફક્ત જગ્યા બચાવે છે, પરંતુ વાવેતર કરેલા રોપાઓ, એકબીજાની વૃદ્ધિ અને સુર્યપ્રકાશને જમીન પર પહોચવામા પણ મદદ કરે છે. તથા નિંદણનાં વિકાસને પણ અટકાવે છે.અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર તથા વલસાડ વન વર્તુળનાં મુખ્ય વન સંરક્ષક મનીશ્વર રાજાનાં સૂચના મુજબ ઉત્તર ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ દિનેશભાઇ રબારીનાં માર્ગદર્શન હેઠળ લવચાલી રેંજનાં આર.એફ.ઓ. અર્ચના હિરેની ટીમ દ્વારા કરંજડા ગામ નજીક આર.એફ.કંમ્પાર્ટમેન્ટ નં.૨૭માં 'વન કવચ' બનાવવામાં આવ્યુ છે. આ 'વન કવચ' કુલ એક હેક્ટર વિસ્તારમા ફેલાયેલુ છે. અહિ કુલ ૫૮ જેટલી વૃક્ષોની જાતોના ૧૦ હજાર જેટલા રોપાઓનુ વાવેતર કરવામાં આવ્યુ છે. 'વન કવચ'નાં વૃક્ષો અંગે લોકોની સમજ માટે નકશા સાથે ટુંકી નોંધની તકતીઓ પણ મુકવામા આવી છે. ટુંક સમયમાં ઝડપથી ખુલ્લા વિસ્તારને વન વિસ્તારમા ફેરવી શકાય, અને નાના નાના વનો થકી, વનોની ગીચતામા વધારો કરી શકાય તે હેતુથી 'વન કવચ'નું વાવેતર ખુબ જ સફળકારક છે. ડાંગ જિલ્લાનાં ઉત્તર ડાંગ વન વિભાગનાં પ્રખ્યાત શબરીધામ, પંપા સરોવર, ગીરમાળનો ગીરા ધોધ તેમજ ડોન હિલ સ્ટેશન તથા મહાલ કેમ્પ સાઈટ, યુ ટર્ન વન દેવીનો નેકલેસ સહીત પૂર્ણા વાઈલ્ડ સેન્ચ્યુરી અભિયારણ જેવા પ્રવાસન સ્થળોએ આવતા પર્યટકો માટે, ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા 'વન કવચ'નુ આ નવુ આકર્ષણ ઉમેરવામાં આવ્યુ છે. આ "વન કવચ"નો હેતુ લોકોમા વન પ્રત્યે જાગૃતિ વધારવાનો, અને વન પ્રત્યે લોકોમા અભિરૂચી કેળવવાનો છે. આ 'વન કવચ' થકી જૈવ વિવિધતામા વધારો થશે, અને પક્ષીઓ માટે પણ નવુ આશ્રય સ્થાન લભ્ય બનશે. દુનિયાનો સૌથી અમુલ્ય સંબધ માતા સાથે છે. ત્યારે મા ના નામે વડાપ્રધાને જે 'એક પેડ, માં કે નામ' અભિયાનની પહેલ કરી છે તેને વધુ વેગવાન બનાવી, આપણે પણ પોતાની માતાના નામે વૃક્ષો લગાવવા જોઈએ. માતાના નામે વાવેલા વૃક્ષ વર્ષો વર્ષ સુધી માની યાદમા રહેશે, તેમજ આ વૃક્ષ હમેશા શિતળ છાયો આપી, વનની સમૃધ્ધિમા વધારો કરશે તેમ જણાવી મંત્રી મુકેશભાઈ પટેલે, ઉપસ્થિત દરેક લોકોને 'એક પેડ, માં કે નામ' અભિયાનમા જોડાઇ, જ્યા જગ્યા મળે ત્યા, કમ સે કમ એક એક વૃક્ષનુ વાવેતર કરવાની અપીલ કરી હતી. ડાંગ જિલ્લામાં મંત્રીની ઉપસ્થિતિમાં લવચાલી રેંન્જના સ્થાનિક લોકો, વન મંડળીના પ્રમુખ/મંત્રીઓ દ્વારા અઢી હજાર વૃક્ષોનુ વાવેતર કરાયુ હતું. ડાંગ જિલ્લાનાં ઉત્તર વન વિભાગનાં ડી.સી.એફ. દિનેશભાઈ રબારીનાં માર્ગદર્શન હેઠળ મદદનીશ વન સંરક્ષકોમાં રાહુલ પટેલ, પરેશભાઈ ગાયકવાડનાં નેજા હેઠળ,સિંગાણા રેંજ તથા સુબિર રેંજ તેમજ ભેંસકાતરી રેંજનાં આર.એફ.ઓ. સમીરભાઈ કોંકણી, લવચાલી રેંજનાં આર.એફ.ઓ. અર્ચનાબેન હિરે, પીપલાઈદેવી રેંજનાં આર.એફ.ઓ. મનોહરસિંહ વાઘેલા, બરડીપાડા રેંજનાં આર.એફ.ઓ. દિપકભાઈ હળપતિ, આહવા પશ્ચિમ રેંજનાં આર.એફ.ઓ. વિનયભાઈ પવાર,કાલીબેલ રેંજનાં આર.એફ.ઓ. અંજના પાલવાની વનકર્મીઓની ટીમ દ્વારા ૨૦૨૪નાં વર્ષમાં વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત દરેક રેંજ કચરીમાં લાગુ ગામડાઓ અને શાળાઓમાં જાગૃતિ અંગેનાં કાર્યક્રમ યોજાયા.











# દક્ષિણ ડાંગ વન વિભાગ વનોનાં સંવર્ધન અને વન્ય જીવોનાં સંરક્ષણ માટે કટિબદ્ધ બન્યુ



રાજ્યનાં છેવાડે આવેલ દક્ષિણ ડાંગ વન વિભાગ ફાટફૂટ પ્રકૃતિ અને કુદરતી સૌંદર્યનાં પગલે આગવી ઓળખ ધરાવે છે. દક્ષિણ ડાંગ વન વિભાગમાં આવેલ રમણીય ગીરાધોધ વઘઈ (નાયગ્રા ફોલ), બોટનીકલ ગાર્ડન વઘઈ (વનસ્પતિ ઉધાન કેન્દ્ર), નવતાડ (વાંસદા) નેશનલ પાર્ક, કિલાદ કેમ્પ સાઈટ, ગિરિમથક સાપુતારા, પાંડવગુફા, અંજનીકુંડ, દેવીનામાળ કેમ્પ સાઈટ જે દરેક ઋતુઓમાં પ્રકૃતિ પ્રેમીઓ સહિત પ્રવાસીઓને આકર્ષિત કરે છે. જેમાંય રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે ફરવા આવતા પ્રવાસીઓને પ્રકૃતિની દેન મળી રહે તે માટે દક્ષિણ વન વિભાગનાં ડી.સી.એફ. રવિપ્રસાદ રાધાક્રિષ્નાનાં માર્ગદર્શન હેઠળ શામગહાન રેંજ દ્વારા જાપાની પધ્ધતિનો ઉપયોગ કરી વન કવચનું નિર્માણ કરી પ્રવાસન વિભાગને નવો વેગ આપ્યો છે. દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા સાપુતારા ખાતે તૈયાર કરાયેલ વન કવચ હાલમાં પ્રકૃતિપ્રેમીઓ માટે ખરા અર્થમાં સાર્થક થયુ છે. દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા જંગલમાં સૂકા તેમજ વાંકા ચુકા વાંસ કટિંગની જવાબદારી સ્થાનિક વન મંડળીઓને સોંપી નવી રોજગારી ઉભી કરી સ્થાનિક લેવલે આવક પ્રદાન કરતા ગ્રામ્ય કક્ષાએ વન બાંધવોને આર્થિક સધ્ધરતા મળી ગઈ છે. ડાંગ જિલ્લાનાં દક્ષિણ વન વિસ્તારમાં દક્ષિણ ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ. રવિપ્રસાદ રાધાક્રિષ્નાનાં માર્ગદર્શન હેઠળ વઘઈ રેંજ, નવતાડ (વાંસદા) નેશનલ પાર્ક રેંજ, સાકરપાતળ રેંજ, ચીખલી રેંજ, શામગહાન રેંજ, ગલકુંડ રેંજ, આહવા પૂર્વ રેંજ, અને ચિચીનાગાવઠા રેંજ કચેરીઓ દ્વારા વર્ષ ૨૦૨૪માં વન્ય પ્રાણી સપ્તાહ અને વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શાળાઓ અને ગામડાઓમાં જનજાગૃતિ કાર્યક્રમો સાથે રાત્રી સભાઓ તેમજ તમાશા જેવા કાર્યક્રમોનું આયોજન કરી સ્થાનિક લોકોને વન્ય પ્રાણીઓનાં સંરક્ષણ અંગે માહિતગાર કર્યા હતા. તથા વન્ય પ્રાણીનાં હુમલાથી કેવી રીતે બચવુ તે અંગે સુલભ માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. સાથે આસપાસની વનસંપદાનું જતન કરી સંવર્ધનની નેમ વ્યક્ત કરી હતી. ડાંગ જિલ્લાનાં દક્ષિણ વન વિભાગની તમામ રેંજ કચરીઓનાં વનકર્મીઓ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજી વન્ય પ્રાણીઓઓ સહીત જંગલોનું સંરક્ષણ અને સંવર્ધન માટે નેમ વ્યક્ત કરી હતી. ડાંગ જિલ્લાનાં ૭૫માં વન મહોત્સવમાં ધારાસભ્ય વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે બાપ દાદાઓથી ડાંગીજનોનો પ્રકૃતિ સાથે નાતો રહ્યો છે. ડાંગ જિલ્લાના આદિવાસી લોકો પ્રકૃતિ પૂજક છે, પ્રત્યેક ડાંગીજનોની ઓળખ, માન-સન્માન, અને સમગ્ર જીવન જંગલને આભારી છે, જીવનમાં વનોની મહત્તા સ્પષ્ટ કરતા, સૌને તેની જાળવણીનું આહ્વાન કર્યું હતું. ૭૫માં વન મહોત્સવના કાર્યક્રમની જિલ્લા કક્ષાની ઉજવણીના અધ્યક્ષ સ્થાનેથી બોલતા વિજયભાઈ પટેલે ડાંગના પ્રકૃતિ પ્રેમી અને પ્રકૃતિ પૂજક પ્રજાજનો જ, જંગલના સાચા રક્ષકો છે તેમ કહ્યું હતું. જંગલમાં વસતા આદિજાતિ પરિવારોનું વન આધારિત જુદી જુદી યોજનાઓના સથવારે તેમનું જીવન ધોરણ બદલાયુ છે તેમ પણ તેમણે જણાવ્યુ હતું. તેમણે વન વિભાગની અઢળક યોજનાઓનો લાભ લઈને પ્રજાજનોને સ્વયં જાગૃતિ કેળવી, પોતાના જંગલનું રક્ષણ કરી, ભાવિ પેઢીને સમૃદ્ધ વન વારસો આપી જવાની હિમાયત કરી હતી. 'કોરોના'ના કાળમાં અનુભવેલી મુશ્કેલી બાદ, સૌને ઓક્સિજનનું મૂલ્ય સમજાઈ ગયું છે. જીવનમાં વૃક્ષોનું મહત્વ સૌએ સ્વીકારવું જ પડશે. ડાંગ જિલ્લાને કુદરતી રીતના મળેલ વનોનું રક્ષણ કરવાની આપણી ફરજ બની રહે છે. સાથે જ વનાચ્છાદિત પ્રકૃતિ અને નૈસર્ગિક સૌંદર્યને માણવા અને જાણવા માટે આવતા હજારો પ્રવાસીઓ, માત્ર અને માત્ર જંગલોને આભારી છે. તેમ પણ તેમણે આ વેળા કહ્યુ હતું. પ્રવાસીઓની ચહલપહલથી સ્થાનિક રોજગારીનું પણ નિર્માણ થઈ રહ્યું છે. ભાવિ પેઢીને જંગલોનો સમૃદ્ધ વારસો આપવા માટે આપણે સૌએ જંગલને બચાવવું પડશે તેમ વિજય પટેલે ઉમેર્યું હતુ.ડાંગમાંથી વહી જતાં પાણીને શ્રેણીબદ્ધ ચેકડેમોના નિર્માણોથી રોકીને, અહીની ધરાને તરબોળ કરવા સાથે પ્રજાજનોની પાણીથી જરૂરિયાત સંતોષવાની હાંકલ કરતા વિજયભાઈ પટેલે, પ્રજાજનોની જમીન ડુબાણમાં ન જાય, અને પાણી પણ અહીના લોકોને મળી રહે તેવા કાર્યોમાં સૌનો સહકાર જરૂરી છે તેમ જણાવ્યુ હતું. એક પેડ, માં કે નામ અભિયાનને વધુ વેગવંતો બનાવવા સાથે પ્રકૃતિ જાળવણી કરવાનું આહવાન, ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ નિર્મળાબેન ગાઈને કર્યું હતું. વન મહોત્સવની શરૂઆત ગુજરાતના પુત્ર અને ભારતના પ્રથમ કૃષિમંત્રી, ગુજરાતી સાહિત્યકાર કનૈયાલાલ મુનશી દ્વારા ઈ.સ.૧૯૫૦માં કરાવવામાં આવેલ હતી. વૃક્ષારોપણ કરવા ઉત્સવ ઉજવવા પડશે તેવો ખ્યાલ તેઓને તે સમયે આવી ગયેલ હતો, અને તેથી જ તેઓએ ભવિષ્યને ધ્યાને રાખી વન મહોત્સવ ઉજવવાની પરંપરા ચાલુ કરી હતી. જેના ભાગરૂપે આજે આપણે જિલ્લા કક્ષાનો ૭૫મો વન મહોત્સવ સરકારી માધ્યમિક શાળા, સુબીર ખાતે ઉજવી રહીયા છે. તેવી જ રીતે તાલુકા કક્ષાના વન મહોત્સવની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં આહવા તાલુકા કક્ષાએ સરકારી પ્રાથમિક શાળા - કોટબા, વઘઈ તાલુકા કક્ષાએ અંબિકા એજયુકેશન ટ્રસ્ટ (દોડીપાડા) વઘઈ સંચાલિત પ્રાથમિક/માધ્યમિક આશ્રમ શાળા-શિવારીમાળ ખાતે ઉજવણી કરવામાં આવી રહી છે. તેમ કલેક્ટરે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું. સુબીર ખાતે યોજાયેલા ૭૫માં વન મહોત્સવ દરમિયાન મહાનુભાવોના હસ્તે મુખ્ય સ્ટેજ ઉપરથી 'માલિકી યોજના'ના રૂા. ૪૯.૯૫ લાખનો લાભ આપવામાં આવ્યો હતો. જ્યારે પેટા સ્ટેજ ઉપરથી રૂા. ૨૮.૦૭ લાખ મળી કુલ રૂા.૭૮.૦૨ લાખનો લાભ આપવા સાથે, 'વાડી યોજના', અને 'કલસ્ટર યોજના'ના લાભાર્થીઓને આંબા/કાજુની કલમ અને ખેત ઓજારો તથા કીટ અર્પણ કરાયા હતા. સાથે પ્રશંસનીય કામગીરી કરનારા વનકર્મીઓને પ્રશસ્તિપત્ર પણ મહાનુભાવોના હસ્તે અર્પણ કરાયા હતા.ઉલ્લેખનીય છે કે, ડાંગ વન વિભાગ દ્વારા સને ૨૦૨૪/૨૫ ના વર્ષ દરમિયાન કુલ-૩૬૬૮ હેક્ટર વન વિસ્તારમાં કુલ ૩૭.૨૬ લાખ રોપાઓનું વાવેતર કરાયું છે. જ્યારે વન મહોત્સવઁ દરમિયાન ૭ લાખ રોપાઓના વાવેતરનો લક્ષ નક્કી કરાયો છે. જેમાંથી કુલ ૪.૧૪ લાખ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે.

જ્યારે બાકીના રોપાઓનું વિતરણ થવાની કામગીરી ચાલી રહી છે. 'ગ્રીન ગુજરાત-ક્લીન ગુજરાત' કાર્યક્રમ હેઠળ કુલ ૧૨૮ ગામોમાં ગ્રામ્ય કક્ષાના વન મહોત્સવની ઉજવણી પણ કરવામાં આવનાર છે.ડાંગ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન માલકી યોજના હેઠળ દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા કુલ ૨૩૯૧ લાભાર્થીને રૂપિયા ૫૧.૯૬ કરોડનો લાભ આપવામાં આવેલ છે. તેમજ વનલક્ષ્મિ યોજના હેઠળ દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા ૫૬ JFMC મંડળીઓને ૫૦૨.૫૪ લાખનો લાભ આપવામાં આવેલ છે. વાડી યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ૨૦૩૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. તેમજ કલસ્ટર ડેવલોપમેન્ટ યોજના હેઠળ ૧૭૦ ગામડાઓનાં ૧૩૬૯૧ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે. આ સાથે જ વન અધિકાર ધારા ૨૦૦૬ અન્વયે કુલ ૭૩૪૧ વ્યક્તિગત હક દાવાઓની અરજીઓ નોંધાયેલ હતી. જેમાં આજ દિન સુધી કુલ ૩૮૬૬ વ્યક્તિગત હક્ક દાવાઓ જિલ્લા કક્ષી સમિતિમાં મંજુર કરી ૪૪૦૧.૧૩ હેક્ટર જંગલ જમીન ફાળવણી કરેલ છે.અહી દક્ષિણ ડાંગ વન વિભાગના ડી.સી.એફ રવિપ્રસાદ રાધાકૃષ્ણએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં વન જતન, સંવર્ધન આર્થિક ઉપાર્જનનું માધ્યમ છે તેમ કહ્યુ હતુ. ડાંગના લોકોને જંગલ જાળવણીની અપીલ કરતા રવિપ્રસાદ રાધાક્રિષ્નાએ ડાંગના જંગલની ગીચતા અને વન વિસ્તાર વધારવામાં સૌને સહભાગી થવાની હિમાયત કરી હતી.વધુમાં દક્ષિણ ડાંગ વન વિભાગની રેંજ કચેરીઓમાં દુર્ગમ જંગલ વિસ્તારમાં જ્યાં પોહચી ન શકાય ત્યા પણ ચાલુ વર્ષે ડ્રોન વડે બીજનું વાવેતર કરી હરિયાળા ડાંગનું સૂત્ર સાર્થક કર્યું છે.







